# રહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સે કોરોના કવચ પોલિસી રજૂ કરી

રાહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સ (આરક્યુબીઈ) દ્વારા હાલમાં કોરોના કવચ પોલિસી રજૂ કરવામાં આવી છે. આ નવી ઈન્ડેમ્નિટી હેલ્થ પોલિસી કોવિડ-૧૯ માટે ઉપચાર ચાહતા નાગરિકોને હોસ્પિટલાઈઝેશનને લીધે ઉદભવતા તબીબી ખર્ચ સામે રક્ષણ આપે છે. તે પોતાને માટે, જીવનસાથી, માતાપિતા સાસુ- સસરા અને નિર્ભર સંતાન માટે લઈ શકાય છે. કોવિડ-૧૯ સર્વ સ્તરના લોકો માટે પડકાર છે. કોવિડ-૧૯ મહામારી સાથે હાલમાં ચાલતો વૈશ્વિક જંગે અનિશ્ચિતતા ઊભી કરી છે અને આવા કસોટીના સમયમાં તમારા આરોગ્યને સંરક્ષિત રાખવું અને યોગ્ય સાવચેતીઓ લેવાનું અગાઉ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની ગયું છે. રાહેજા ક્યુબીઈ જનરલ ઈન્શ્યુરન્સમાં અમને કોરોના કવચ પોલિસી રજૂ કરીને નાગરિકોના જીવનને સહાય કરવાની તક ધરાવવાની ખુશી છે.કોરોના કવચ પોલિસી કોવિડ સંબંધી હોસ્પિટલાઈઝેશન, પૂર્વ અને પશ્ચાત હોસ્પિટલ રક્ષણ, હોમ- કેર ટ્રીટમેન્ટ, રોડ એમ્બ્યુલન્સ અને આયુષ ઉપચાર માટે રક્ષણ આપે છે. પ્રોડક્ટ એડ ઓન કવર (વધારાના પ્રીમિયમની ચુકવણી પર ઉપલબ્ધ) ધરાવે છે, જેમાં પોલિસીધારકોને હોસ્પિટલ ડેઈલી કેશ તરીકે રોજ નિશ્ચિત રકમ ચૂકવવામાં આવશે, જે પોલિસીની સમયગાળા દરમિયાન મહત્તમ ૧૫ દિવસ સુધી દિવસ દીઠ વીમિત રકમના ૦.૫ ટકા રહેશે. પોલિસી રક્ષણ સાડાત્રણ મહિના, સાડાછ મહિના અને સાડાનવ મહિનાની મુદત માટે ઉપલબ્ધ છે.કોરોના કવચ પોલિસી લઘુતમ રૂ. ૫૦,૦૦૦ની વીમિત રકમથી મહત્તમ રૂ. ૫,૦૦,૦૦૦ની વીમિત રકમ માટે ઉપલબ્ધ છે.